બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :



# દાઉદ રાજા
## (ભાગ-૧)

લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Lazarus

અનુકૂલન : Ruth Klassen

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2017 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

હવે દાઉદ ભાગતો ફરતો હતો. કારણ કે શાઉલ રાજા તેને મારી નાંખવા માટે શોધતો હતો. દાઉદ અરણ્યમાં રહેતો હતો અને તેની સાથે તેના ...



... ચારસો માણસો પણ રહેવા લાગ્યા. ઘણીવાર રાજા શાઉલના સૈનિકોએ દાઉદને લગભગ શોધી લીધો હતો, પણ દાઉદ હંમેશા ભાગતો રહ્યો.



શાઉલનો ચાકર દોએગે રાજાને કહી દીધું કે યાજકોએ દાઉદને છટકી જવામાં મદદ કરી હતી. શાઉલે તેમને મારી નાંખવા હુમક કર્યા. પણ ફક્ત દોએગ જ તે કરી શક્યો! તેણે પંચ્યાસી યાજકો તથા તેમના કુટુંબોને તલવારથી મારી નાંખ્યા તે બહુ ભૂંડુ કામ હતું.





એક દિવસે જ્યારે
શાઉલ દાઉદની પાછળ
પડ્યો હતો ત્યારે દાઉદ
અને તેના સાથીઓ
જ્યારે ગુફાના અંદરના
ભાગમાં સંતાઈ રહ્યા
હતા ત્યારે શાઉલ
અંદર ગયો. શાઉલ
એકલો હતો.

ગુફામાં દાઉદ શાઉલને મારી
શક્યો હોત તેના બદલે
તે ચૂપકીથી તેની પાસે
ગયો અને તેના
અંગરખાનો એક



ભાગ છરીથી કાપી લીધો. જ્યારે
શાઉલ તેને મૂકીને ગયો ત્યારે દાઉદે
તેને હાંક મારી “જો મેં મારા હાથમાં
તારાઅંગરખાની કોર કાપી લીધી છે.


જો મારે તને મારી
નાંખવો હોત તો
મારી શકત પણ
મેં એવુ ન કર્યું.
કારણ કે મારા હાથમાં ભૂંડુ
અને બળવો રહેલા નથી.”

શાઊલે દાઉદને મારવાની ઈચ્છા બદલ દિલગીરી વ્યક્ત કરી. પણ થોડા જ સમયમાં તેનો ગુસ્સો પાછો આવી ગયો અને ત્રણ હજાર લોકોના સૈન્ય સાથે તે દાઉદને મારવા પાછળ પડ્યો. એક રાત્રે જ્યારે દાઉદ અને અબીશાય, જે તેનાં એક સૈનિક હતો તે રાજાની છાવણીમાં ઘુસી ગયા જ્યાં શાઊલ સૂઈ રહ્યો હતો.





"ઈશ્વરે તારો શત્રુ તારા હાથમાં સોંપી દીધો છે." અબીશાયે મંદ અવાજે કહ્યું, "મને મારા ભાલા વડે તેને એકવાર જોરથી તેને જમીન સાથે ચોંટાડી દેવા દે અને મારે બીજી વાર મારવું નહીં પડે."

પણ દાઉદે તેમ કરવાની ના પાડી. તેઓ શાઉલનો ભાલો અને જગ લઈને નાસી ગયા. પહાડની બીજી બાજુએ જઈને દાઉદે શાઉલ સાંભળી શકે તેવી રીતે બૂમ પાડી.





ફરીવાર શાઉલ જોઈ શક્યો કે દાઉદ તેને મારી નાખી શક્યો હોત પણ તેણે તેવું ન કર્યું. ફરીવાર શાઉલે દાઉદને મારવાની ઈચ્છા બદલ દિલગીરી વ્યક્ત કરી. પણ દાઉદને ખબર હતી કે તે શાઉલના શબ્દો પર ભરોસો કરી શક્યો ન હતો.



આ સમય સુધીમાં શમુએલ મૃત્યુ
પામ્યો. તેણે પ્રબોધક તરીકે
પ્રથમ શાઉલનો અને ત્યારબાદ
દાઉદનો ઈસ્રાએલના રાજા
તરીકે અભિષિક્ત કર્યો હતો.
જ્યારે પલિસ્તીઓ ઈસ્રાએલ
પર હુમલો કરવા આવ્યા ત્યારે
શાઉલે એક ભયંકર બાબત કરી.
જે ઈશ્વર મનાઈ કરે છે.

તેણે એક સ્ત્રીને સાધી કે જે શમુએલને મૂએલામાંથી પાછી બોલાવી શકે. તે રાત્રે શાઉલને સંદેશ મળ્યો.



“... ઈશ્વર તારી પાસેથી જતો રહ્યો છે અને તારો દુશ્મન થઈ ચૂક્યો છે ... ઈશ્વરે તારું રાજ્ય તારા હાથમાંથી ઝૂંટવીને તારા પાડોશીને આપ્યું છે, કે જેનું નામ દાઉદ છે.



આવતી કાલે તું તથા તારા દીકરાઓ
મારી સાથે હશો. યહોવા દેવ ઈસ્રાએલનું
સૈન્ય પલિસ્તીઓના હાથમાં સોંપી દેશે.”
જ્યારે તેણે આ સાંભળ્યું ત્યારે ભયનો
માર્યો અધમૂઓ થઈ ગયો.



પલિસ્તીઓ ઈસ્રાએલી સાથે લડ્યા
અને ઈસ્રાએલના લોકો નાઠા.
પલિસ્તીઓએ
શાઉલના
દિકરાઓને
મારી નાંખ્યા.



જેમાં યોનાથાન પણ
હતો જે દાઉદનો
સારો મિત્ર હતો.



શાઉલ ધનુષ્યધારી દ્વારા જખમી થઈ ચૂક્યો હતો. અને તેણે તેના બખ્તર ઉંચકીને ચાલનારને કહ્યું, “તારી તલવાર કાઢ અને મારા પેટમાં ઘોંસી દે, કારણ કે આ ભૂંડા લોકો આવશે અને મને મારી નાંખશે” પણ બખ્તર ઉંચકનારે એવું કરવા માંગતો ન હતો, કારણ કે તે ગભરાયેલો હતો, તેથી શાઉલ પોતાની તલવાર લઈ તેના પર પડ્યો.





શાઉલ અને તેના દીકરાના
શબ લઈને પલિસ્તીઓએ તેને
ઈસ્રાએલના એક નગરને જેને
તેઓ કબજે કરી લીધુ હતું ત્યાં
લટકાવી દીધા. અમુક નિડર
ઈસ્રાએલીઓએ તેને લાવીને
તેમના શબને ઈસ્રાએલમાં
બાળ્યા અને ત્યારબાદ
દાટી દીધા.



જ્યારે દાઉદે તે ભયંકર
સમાચાર સાંભળ્યા ત્યારે
શોક પાડ્યો અને રડીને
સાંજ સુધી શાઉલ તથા તેના
દીકરા યોનાથાન અને
ઈસ્રાએલ લોક માટે ઉપવાસ
કર્યો, કારણ કે યહોવા
દેવના લોકો તલવારની
ધારથી મરાયા હતાં.

જો કે શાઊલે દાઊદને મારી નાંખવા પ્રયત્ન કર્યો છતાં
પણ દાઊદ શાઊલને જે ઈશ્વરનો
અભિષિક્ત હતો તેને માન આપ્યું.
હવે દેવે દાઊદને શાઊલની જગ્યાએ
રાજા બનાવીને
માન
આપ્યું.



# દાઉદ રાજા (ભાગ-૧)

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

૧ શમુએલ ૨૧-૩૧, ૨ શમુએલ ૧-૨

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

# સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ
બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે
પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે
વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે.
ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે
તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની
માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે
તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ
વાત કરો યોહાન ૩:૧૬